* M B M - 0 0 1 - 0 0 1 2 1 1 1 - 5 0 - 4 *

**MBM-001-0012111** Seat No. ________

**B. A. (Sem. II) (CBCS) Examination**

**March / April - 2018**

**Gujarati : Paper - IV**

***(Elective - II)***

***(ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ-૨)***

***(Old Course)***

**Faculty Code : 001**

**Subject Code : 0012111**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના** : (૧) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

**૧** નીચેના 'બે' પૈકી કોઈ પણ **એક** ગદ્યખંડનું વિવરણ કરો : **૧૪**

માણસ પોતે સાચું બોલી શકતો નથી. નીતિથી પૈસો કમાઈ શકતો નથી, બીજાની અગવડમાં મદદરૂપ થઈ શકતો નથી ત્યારે તે બદલ માણસ પોતાના આંતરજગતમાં હીનભાવ અનુભવે છે, અને એ બરાબર છે; પરંતુ બાહ્યજગતમાં માણસ જ્યારે પરાભવ પામે છે, હારી જાય છે, તેનો પરાજય થાય છે ત્યારે પોતાના માટે તે હીનભાવ અનુભવે એ બરાબર નથી, કારણ કે પરાભવ જેમ માણસની ઊણપ, અધુરપ, મર્યાદા કે ખામીને કારણે થાય છે તે સામા માણસના ચઢિયાતાપણાંને કારણે પણ માણસનો પરાજય થાય છે.બહારના વિશ્વમાં માણસ સતત અન્ય સાથે સંઘર્ષ કરતો જ રહે છે અને બેમાંથી એકની જીત અને અન્યની હાર નિશ્ચિત જ છે. અંતરજગતમાં માણસ પોતાની વૃત્તિઓ સાથે લડતો રહે છે. બાહ્ય જગતમાં તે વસ્તુ કે વ્યક્તિના કારણે સંઘર્ષમાં ઉતરે છે, અને હારે છે કાં તો જીતે છે. આથી હારવું એ શરમ અનુભવવાની વાત નથી, બલ્કે સામા માણસના ચઢિયાતા પણામાંથી જરૂરી બાબત શીખી લેવાની વૃત્તિ કેળવવાની જરૂર છે. બહારના જગતમાં માણસ પ્રયત્ન કરવા છતાં સફળ થતો નથી. નિષ્ફળ જાય છે. ઇચ્છિતને પ્રાપ્ત કરી શકતો નથી, ધાર્યું પરિણામ લાવી શકતો નથી ત્યારે તે હતાશ નિરાશ થાય છે.

**- કલ્પેશ. ડી. સોની**

**અથવા**

વિશ્વાસ એ અદ્‌ભૂત વસ્તુ છે. એના બે વિભાગ (૧) આત્મવિશ્વાસ (૨) સામાન્યપણે દુનિયાની સજ્જનતા ઉપર અને માણસજાતની પ્રગતિશીલતા ઉપર વિશ્વાસ, આનું જ વ્યાપક નામ છે આસ્તિકતા. દુનિયામાં આટલી બધી હિંસા ચાલે છે,

અત્યાચાર અને કૂડકપટ ડગલેને પગલે દેખાય છે, સ્વાર્થથી અને દ્વેષથી માણસ આંધળો થાય છે છતાં આપણે માનીએ છીએ કે સરવાળે માણસજાત સદ્દબુદ્ધિથી પ્રેરાય છે અને દુનિયામાં ઇશ્વર છે. આ જે શ્રદ્ધા અને વિશ્વાસ તે જ માણસને લોકોત્તર બળ આપે છે અને એની પાસે અસાધારણ પુરુષાર્થ કરાવે છે. દુનિયા એટલે અસંખ્ય લોકોનો સમુદાય, કોના ઉપર વિશ્વાસ રખાય અને કોના ઉપર નહિ ? પણ આત્મવિશ્વાસ તો પોતાના ઉપર જ આધાર રાખે છે. એના વિના આપણે દેશવિદેશ જઈ ન શકીએ, સમાજમાં ટકી ન શકીએ. એમાંયે પોતે એટલે એક વ્યક્તિ નહીં, જાતજાતના સંકલ્પો, શક્તિઓ અને નબળાઈઓ, અનુભવો અને સિદ્ધાંતો મળીને વ્યક્ત થાય છે. પોતાના ઉપર વિશ્વાસ રાખવો એ પણ ભારે આસ્તિકતાનું કામ છે.

**- કાકા કાલેલકર**

૨ નીચેના 'બે' પૈકી કોઈ પણ એક ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : **૧૪**

વૈદકીય જગતમાં જેનું મહત્ત્વ વધી રહ્યું છે, મેનેજમેન્ટના ક્ષેત્રમાં જેના વિશે ગંભીરતાથી વિચારવાની ફરજ પડે તે છે સ્ટ્રેસ મેનેજમેન્ટ. દરેક નવો દિવસ જીવનમાં - સમાજમાં તાણ વધારવાનું નિમિત બને છે. મોંઘવારી, પ્રદૂષણ, ત્રાસવાદ, કુદરતની અનિયમિતતા, રાજકીય અસ્થિરતા, શસ્ત્રીકરણ... જેવા મુદ્દાઓ વિશ્વના બધા સમાજોને ઊંચા જીવે રાખે છે. તો લોભ, અપેક્ષાઓ, અતિ કામ (બંને અર્થમાં !), પૈસા પાછળ ગાંડપણ, ભૌતિક વસ્તુઓનું વળગણ... વગેરેને કારણે વ્યક્તિગત અને કૌટુંબિક જીવન, ભંગાણના આરે આવી ગયું છે. બંને ક્ષેત્રે દિન-પ્રતિદિન તાણનો પારો ઊંચો જ ચડતો જાય છે. જીવનમાં સ્થૂળ અને સૂક્ષ્મ-બંને અશાંતિ વધતી જાય છે અને આ કંઈ મોટાં શહેરોમાં જ થાય છે એવું નથી, નાનાં ગામડાંઓમાં પણ તેનો પગપેસારો થઈ ચૂક્યો છે. ટી.વી., છાંપાં વગેરેએ માનવ મનને વિકૃત અને પ્રદુષિત કરવામાં અગત્યનો ફાળો આપવાનો શરૂ કર્યો છે. ફૂટપાથ પર સૂતેલ નિર્ધન ભિખારી પણ અગણિત અપેક્ષાઓથી પીડાય છે. - 'યે દિલ માંગે મૉર...' દ્વારા ! તે અભાવથી તાણ અનુભવે છે. તો ધનવાનો અતિરેકથી તાણ અનુભવે છે.

**- હરેશ ભોળકિયા**

**અથવા**

સમાજવાદ અને સમાજધર્મ એમાંથી વાત આપણા યુવાનોને આકર્ષે છે. બીજી વાત વિશે આપણને કાંઈ ખ્યાલ જ નથી. સમાજના ઊંડામાં ઊંડા થર સુધી જે વાત રહી છે એ વાતનો તાગ લેવાની અશક્તિએ આપણને એકદમ સસ્તામાં સિદ્ધ થાશે એમ ધારીને સમાજવાદ તરફ ધકેલ્યા છે. આર્થિક ચક્રોની ગતિ એવી રીતે ગોઠવાયેલી છે કે આપણે એમાંથી  કાંઈપણ સિદ્ધ કરવું હોય તો આ બન્નેને અપનાવવાં પડશે, સમાજવાદને તેમજ સમાજધર્મને. સમાજધર્મ તેમને એ શીખવે છે કે જયાં તમે છો, ત્યાં જે સમાજ છે, તેમાં તમે સામાન્યની પેઠે જીવતાં શીખો. તમારા સિક્કાના બળ વડે જુદું વિશિષ્ટત્વ સ્થાપવા પ્રયત્ન ન કરો. મોટર લાવો તો કાંતો સૌ મોટરમાં બેસી શકો એવું કરો. અથવા તો સૌ ચાલો એવો શક્તિસંચય કરો. વિશિષ્ટ હક્કો હંમેશાં ઈર્ષાને પોષે છે, એમાંથી વૈર જન્મે છે, વૈરને લીધે વૈરની વૃદ્ધિ થાય છે

અને છેવટે પ્રજા નાશ પામે છે. પોતાની પાસે સાધન છતાં, એ સાધનોનો વધારેમાં વધારે સાર્વજનિક ઉપયોગ કેમ થઈ શકે એવી વ્યવસ્થા જે સમાજ કરશે એ સમાજને જ હવે સમાજ ટકવા દેશે. આ વસ્તુ શ્રીમંતોને તેટલી જ લોકનેતાઓને ને ગવર્નરોને પણ લાગુ પડશે.

**- ધૂમકેતુ**

૩ નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી પુનઃગદ્યખંડનું લેખન કરો : **૧૪**

શબરી કયાં નૈવેદ્યનો વિધિ ભણવા ગઈ હતી એ બિચારીએ પ્રભુને બોર ધરાવ્યાં ત્યારે પાસે બેઠેલા કોઈકે પૂછ્યું કે ખાટાં તો નથી ત્યારે એણે ઉત્તર આપ્યો કે એકેએક કરડી ચાખીને લાવી છું પ્રભુએ એ બોર સ્વીકાર્યાં માટે અમે તો સ્પષ્ટ કબૂલ કરીશું કે પ્રભુનાં રહસ્યો જેવાં આ સાદાં ભોળાં અજ્ઞાન ભાસતાં મનુષ્યોને સમજાયાં હોય છે તેવાં આપણી મૂર્ખ વિદ્વત્તાને સ્વપ્નામાં પણ ભાસ્યાં હોતાં નથી.

**અથવા**

૩ પ્રશ્નચિહ્ન, ગુરુવિરામ, લોપકચિહ્ન અને વિગ્રહરેખાનો ઉપયોગ વાક્યમાં ક્યારે કરવામાં આવે છે ? તે જણાવી, ત્રણેય ચિહ્નો માટે પ્રયોજાતી નિશાનીની ઓળખ ઉદાહરણ સાથે આપો. **૧૪**

૪ 'કર્મધારય' અને 'ઉપપદ' સમાસની વ્યાખ્યા આપી, તેના પ્રકારોની ઉદાહરણસહ સમજૂતી આપો. **૧૪**

**અથવા**

૪ નીચેના સમાસોનો વિગ્રહ કરી સમાસ ઓળખાવો : **૧૪**

(૧) માબાપ
(૨) પ્રાણપ્યારું
(૩) દેવાલય
(૪) યુદ્ધિષ્ઠિર
(૫) કાવ્યામૃત
(૬) ચોમાસુ
(૭) જડબાતો

૫ નીચેના 'ચાર' પૈકી કોઈ પણ **બે** પ્રશ્નના માગ્યા પ્રમાણે ઉત્તર આપો : **૧૪**

(૧) નીચેના રૂઢિપ્રયોગોના અર્થો આપી વાક્યામાં પ્રયોગ કરો.

(૧) સંઘ કાશીએ પહોંચવો

(૨) હથેળીમાં ચાંદ બતાવવો

(૩) ધકેલ પંચે દોઢસો

(૪) નમતો દિવસ

(૫) ભાવ પુછવો

(૬) રોદણાં રડવાં

(૭) વાળ વાંકો થવો.

(૨) નીચેની કહેવતોનો અર્થ આપો :

(૧) આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય

(૨) ઈદ પછી રોજા

(૩) ઉતાવળે આંબા ન પાકે

(૪) એક મરણિયો સોને ભારે

(૫) કાગનું બેસવું ને ડાળનું પડવું

(૬) કૂતરાનું મોં બિલાડીએ ચાટ્યું

(૭) ઘર ફૂટયે ઘર જાય

(૩) નીચેના રૂઢિપ્રયોગોના અર્થો આપી વાક્યમાં પ્રયોગ કરો :

(૧) શેર લોહી ચડવું

(૨) પાશેરામાં પહેલી પૂણી

(૩) બાફી મારવું

(૪) લોઢાના ચણા ચાવવા

(૫) લોહીનું પાણી કરવું

(૬) અડધી રાતે

(૭) ઉચાળા ભરવા

(૪) નીચેની કહેવતોનો અર્થ આપો :

(૧) ઘેર ઘેર માટીના ચૂલા

(૨) છીંડે ચડ્યો તે ચોર

(૩) દામ કરે કામ

(૪) નમે તે સૌને ગમે

(૫) નાચવું નહિ ત્યારે આગણું વાંકું

(૬) મોરનાં ઈંડાંને ચીંતરવાં ન પડે

(૭) એક પંથ દો કાજ

---